અપીલ અરજી નં. ૫૪૨,તા.૩–૧–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય ચંદ્રનાથ કોકસ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજયકુમાર શર્માની તા.૩–૩–૧૧ ની અરજીથી ઉધનાઝોન ખાતે આવેલ સોનલ હાઉસીંગ એસ્ટેટમાં આવેલ પ્લોટ નં.૫૭૧ વાળી મિલ્કત મ્યુ. ટેના નં.૨૭ડી–૧૯અ૫૭૦૧–૦–૦૦૧ છે તે મિલ્કતની આકારણી દફતરે ભાવેશકુમાર જયંતિલાલ પટેલનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે અને કયારે દાખલ કર્યું તેની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૨/૨૦૧૧–૧૨

અરજદાર ધ્વારા તા.૩–૧–૧૨ ના રોજ કરવામાં આવેલ અપીલ અરજીની સાથે તા.૩–૩–૧૧ ના રોજની આરટીઆઈ હેઠળની શ્રી અજયકુમાર શર્માની અરજીની નકલ જેના ધ્વારા ઉધનાઝોન ખાતે આવેલ સોનલ હાઉસીંગ એસ્ટેટમાં આવેલ પ્લોટ નં.૫૭૧ વાળી મિલ્કત મ્યુ. ટેના નં.૨૭ડી–૧૯અ૫૭૦૧–૦–૦૦૧ છે તે મિલ્કતની આકારણી દફતરે ભાવેશકુમાર જયંતિલાલ પટેલનું નામ કયા દસ્તાવેજી પુરાવાના આધારે અને કયારે દાખલ કર્યું તેની નકલ આપવા બાબતે તથા સદર અરજી આઈ ડી નં.૫૦૮ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અંગેનો પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૯ તા.૮–૪–૧૧ ની નકલ રજૂ કરવામાં આવેલ છે આમ મુળ અરજદાર અને અપીલકર્તા બંને અલગ અલગ વ્યકિત હોવાનું જણાય છે. પ્રસ્તુત કિસ્સામાં મુળ અરજદાર શ્રી અજયકુમાર શર્મા છે અને તેમના ધ્વારા અપીલ થયેલ નથી જયારે એપેલેન્ટ શ્રી અજય ચંદ્રનાથ કોકસ ધ્વારા મુળ અરજી કરવામાં આવેલ ન હોઈ શ્રી અજય ચંદ્રનાથ કોકસની અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ–૬ (૧) , ૭(૧) અને ૧૯(૧) સાથે રાખતાં અપીલનું કારણ ઉત્પન્ન થાય નહીં.

વધુમાં અરજદારે અપીલ સાથે શ્રી અજયકુમાર શર્માની તા.૩–૩–૧૧ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝો/અકણ/આરટીઆઈ/૪૯ તા.૮–૪–૧૧ થી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી બાબતેની માહિતી અંગે પાઠવેલ હોઈ જેની માહિતી દિન–૪૦ ની અવધિમાં પૂરી પાડવાની હોય છે જે જાહેર માહિતી અધિકારી નિયત સમય અવધિમાં પૂરી પાડેલ છે જેની સામે અરજદાર તરફથી કોઈ પ્રથમ અપીલ કરવામાં આવેલ નથી પરંતુ અપીલકર્તાએ કરેલ અરજી પણ કલમ–૧૯(૧) ની જોગવાઈઓ અનુસાર નિયત સમય અવધિમાં થયેલ નથી તેમજ અઘટિત વિલંબથી વાજબી કારણો દર્શાવ્યા વિના અપીલ અરજી કરેલ છે. જે અંગે આરટીઆઈ એકટની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે અથવા મળે તો તે અંગેની નારાજગીના કિસ્સામાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં .

જે અંગે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૭ તા.૧૬–૧–૧૨ થી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી તેવું જણાવવામાં આવેલ છે. ત્યાર બાદ અપીલકર્તા તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નથી. આમ અપીલકર્તાની અપીલ ગ્રાહય રાખવામાં આવતી ન હોવાથી અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવા પાત્ર થાય નહીં અને આરટીઆઈના જોગવાઈઓ અને નિયમોનુસાર અપીલ અરજી ગ્રાહય રાખવા પાત્ર ઠરે નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૩–૦૧–૧૨ થી માંગવામાં આવેલ માહિતીના અરજી કરનાર અપીલકર્તા અલગ અલગ વ્યકિત હોઈ અપીલકર્તાની અપીલ આરટીઆઈના કાયદાની કલમ–૬(૧),૭(૧) અને ૧૯(૧) સાથે રાખતાં અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજય ચંદ્રનાથ કોકસ,